વાહનનો થર્ડ પાર્ટી વિમો ફરજ્યાત લેવા બાબત

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬બીજો-ત્રીજોમાળ,
જુનાસચિવાલય, ગાંધીનગર,
પરિપત્ર ક્રમાંક ડીએ/થર્ડ પાર્ટી વિમો/ઓન/ ૪૬૭
તારીખઃ- / ૦૧/૨૦૧૭. 25 JAN 2017

વંચાણે લીધાઃ- (૧) સેક્રેટરી ટુ ધ કમીટી, સુપ્રિમ કોર્ટ કમીટી, ઓન રોડ સેફ્ટી ન્યુ દીલ્હીના પત્ર ક્રમાંક – નં.૫૬-૨૦૧૫-સીઓઆરએસ તા.૨૭-૧૨-૨૦૧૬

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/એમવીપી/સુ.કો.રોડસેફ્ટી/થર્ડ પાર્ટી/ઇન્સ્યુ તા.:૧૦-૦૧-૨૦૧૭

પરિપત્ર :-

ધી મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની જોગવાઇ અનુસાર નોધાયેલ તમામ વાહનો માટે થર્ડ પાર્ટી લેવો ફરજ્યાત છે.સેક્રેટરી ટુ ધ કમીટી, સુપ્રિમ કોર્ટ કમીટી ઓન રોડ સેફ્ટી ન્યુ દીલ્હીના પત્ર ક્રમાંક –નં.૫૬-૨૦૧૫-સીઓઆરએસ તા.૨૭-૧૨-૨૦૧૬ થી જણાવેલ છે કે, વિમા વગરના વાહનોના અકસ્માતના કેસોમાં ભોગ બનનાર વ્યક્તિને વળતર મેળવવામાં ખુબજ તકલીફ પડતી હોય છે. આથી સેક્રેટરી ટુ ધ કમીટી, સુપ્રિમ કોર્ટ કમીટી, ઓન રોડ સેફ્ટી ન્યુ દીલ્હીના ૨૭-૧૨-૧૬ ના પત્રથી વિમા વગરના વાહન ફરતા પકડાયતો તે ડીટેઇન કરવાની કાર્યવાહી કરવા અને સઘન ચેકીંગ કરવા જણાવેલ છે.

આથી ઉપરોક્ત બાબતે ચેકીંગ સમયે તેમજ કચેરીના કામકાજ માટે રજુ કરવામાં આવતા દસ્તાવેજો માં થર્ડપાર્ટી વિમાની ચકાસણી કરવા, વાહન માલિક ફરજ્યાત પણે અમલી વિમો રાખે તે માટે અસરકારક ચેકીંગ ઝુંબેશ ગોઠવવા, વિમો લેવા માટે લોકોમાં જાગૃતી આવે તે માટે જરૂરી કાર્યક્રમ ગોઠવવા અને વિમા વિના વાહન ફરતું પકડાય તો ડીટેઇન કરવા, તેમજ પકડાયેલ વાહનનો વિમો લીધા પછીજ વાહન મુક્ત કરવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત સુચનાનો અસરકારક અમલ થાય તે બાબત સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

ખાસ ફરજ પરના અધિકારી ,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ.

(૨) ઇન્ચાર્જશ્રી આર.ટી.ઓ. ચેકપોસ્ટ તમામ

(૩) એમ.વી.પી.શ્રી, સી.ઓ.ટી. કચેરી

(૪) ઇન્ચાર્જ એફ.એસ.શાખા, ઉપરોક્ત બાબતનો જરૂરી અમલ થાય તે માટેની કાર્યવાહી કરવા સારૂ

Akhil Gujarat Truck Transport Association

દ:૨૫-૧-૨૦૧૭

૬૮૧/ડીએ/પરાણ/૧